**પાર્ટી** પૂરજોશમાં ચાલતી હતી. ચારેતરફ યુવાની અને મસ્તીનો માહોલ હતો. મોટા અવાજે વાગતું સંગીત કોઈનું પણ લોહી ગરમ કરી નાખે એવું જોશીલું અને જબરદસ્ત હતું. ક્યાંક બિયર તો ક્યાંક બકાર્ડી બ્રિઝર છલકાતાં હતાં. બૅકલેસ અને સ્પગેટી ટૉપ્સની સાથે ઉછાળા મારતાં જિસ્મ અને મુસ્કુરાતા ચહેરાઓ બદલાતી લાઇટો કરતાં પણ વધુ તેજસ્વી દેખાતાં હતાં.

કૉલેજની ફ્રેશર પાર્ટીમાં હાથ-પગ ઉછાળીને નાચી રહેલા યુવાનો તો હતા જ, સાથે બે-ચાર પ્રોફેસર્સ અને છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પણ સામેલ હતા. આ બધાં ટોળાંમાં એક છોકરી સાવ જુદી તરી આવતી હતી. કમરથી નીચે એના ડેનિમના ગર્ડલને ઢાંકી દે એટલા લાંબા, ગાઢા, કાળા વાળ લહેરાવતી એ ખૂણામાં કોલ્ડ્રીંકનો ગ્લાસ લઈને ઊભી ઊભી ઘેલા થઈ રહેલા ટોળાને જોઈ રહી હતી. મ્યુઝિકની મસ્તીમાં ઝૂમતું ટોળું વચ્ચે વચ્ચે ચીસો પાડતું, તાળી પાડતું, હાથ-પગ ઉછાળતું યુવાનીની મસ્તી છલકાવતું હતું.

એ છોકરીની આસપાસ ઊભેલા બીજા બે-ત્રણ જણા માત્ર એ છોકરીને જોઈ રહ્યા હતા. હરણ જેવી મોટી, લાંબી લાંબી પાંપણોવાળી આંખો, સહેજ ભીનેવાન, પણ અતિશય નમણો ચહેરો ધરાવતી એ છોકરીના ચહેરા પર અજબ પ્રકારનું માર્દવ હતું. સફેદ રંગની આભલા ભરેલી સ્લીવલેસ શૉર્ટ કુર્તી અને બ્લૂ રંગનું ડેનિમ પહેરીને આ સ્પગેટી ટૉપ અને બૅકલેસના ટોળામાં જુદી પડી જતી એ છોકરી કદાચ કોઈકની રાહ જોઈ રહી હતી.

દરેક વખતે ખૂલતા કાચના દરવાજામાંથી દાખલ થતા માણસને જોઈને એના ચહેરા પર આશાનું એક વાદળ ઘેરાતું અને વિખેરાઈ જતું. એ થોડીક વાર પાર્ટીમાં સામેલ થવાનો પ્રયાસ કરતી, પણ ફરી પાછી એની નજર કાચના દરવાજા પાસે જઈને અટકી જતી.

“ચાલને પ્રિયંકા...” એક કાળું બૅકલેસ સ્માર્ટ ટૉપ પહેરેલી છોકરીએ એનું બાવડું પકડીને ખેંચવાનો પ્રયાસ કર્યો.

"ના, ના..." પ્રિયંકાએ બાવડું છોડાવ્યું.

"જ્યાં સુધી પેલો ઇડિયટ સત્યજિત નહીં આવે ત્યાં સુધી આ અહીં આમ જ ઊભી રહેશે." પ્રિયંકાની બાજુમાં ઊભેલા, એને હસરતથી જોઈ રહેલા, એના જ ક્લાસમાં ભણતા મૃગાંકે કહ્યું, "પેલો તો કોણ જાણે ક્યાંય રખડતો હશે અને આ એની રાહ જોઈને અહીં ઊભી છે... સાવિત્રી... ચાલ હવે સત્યવાન નથી આવવાનો."

"પેલાને તો આની પડી પણ નથી." બૅકલેસ ટૉપ પહેરેલી અનિતાએ ખભા ઊંચક્યા, "હમણાં આવશે અને એક ફાલતુ બહાનું બતાવશે. મને હજુ સુધી એ નથી સમજાતું કે તું એ જુઠ્ઠાને છોડી કેમ નથી દેતી?"

"કારણ કે આ કોઈ બસ કે ટ્રેન નથી, માણસ છે. આઇ લવ હિમ." પ્રિયંકાએ સ્મિત કર્યું.

"પ્રિયંકા, આ સત્યજિત તારી સાથે ક્યારેય લગ્ન નહીં કરે. એક નંબરનો ફ્લર્ટ છે - ચાલુ છોકરો." મૃગાંકના ચહેરા પર એની ઈર્ષ્યા સ્પષ્ટ દેખાતી હતી. પ્રિયંકાએ જવાબ આપ્યા વિના માત્ર નજર ઉઠાવીને હમણાં જ ખૂલેલા કાચના દરવાજા તરફ જોયું. એ દરવાજામાંથી ડેનિમની ઉપર બ્લૂ અને બ્લૅક ચેક્સનું બ્રાન્ડેડ શર્ટ પહેરેલો એક દિલધડક હેન્ડસમ છોકરો દાખલ થયો. પ્રિયંકાની આસપાસ ઊભેલા તમામ લોકોના ચહેરા એ છોકરાને જોઈને ખીલી ગયા. એણે ત્યાં ઊભા રહીને જ હાથ હલાવ્યો ને સ્મિત કર્યું. તદ્દન ભૂખરી-કથ્થાઈ આંખો, ગોરો ચહેરો અને એકસરખા ગોઠવાયેલા મોતી જેવા સફેદ દાંત. એને જોનારી કોઈ પણ છોકરી એક વાર ધડકારો ચૂકી જાય એ નક્કી. એની કથ્થાઈ આંખોમાં એક શરારત હતી અને સ્મિતમાં એક વિચિત્ર પ્રકારનું તોફાન. છ ફૂટ ઊંચો એ છોકરો ફ્રન્ટ પૉકેટ ડેનિમના ખિસ્સામાં હાથ નાખી બેફિકર ચાલે ચાલતો પ્રિયંકા સુધી આવ્યો. એણે પોતાનું માથું પ્રિયંકા સાથે ટકરાવ્યું, "હાય બેબી!"

"ઓહ! તું મને ઓળખે છે?" પ્રિયંકાના અવાજમાં સહેજ અકળામણ છાની ન રહી શકી.

"આઈ નૉ, તું ગુસ્સામાં છે." એણે ડેનિમના ખિસ્સામાંથી હાથ કાઢી પ્રિયંકાના ખભે લપેટ્યો, "પણ શું કરું? મમ્મીની તબિયત એકદમ ખરાબ થઈ ગઈ. ડૉક્ટરને ઘરે બોલાવવા પડ્યા. ડૉક્ટરે ઇન્જેક્શન આપ્યું. મમ્મીને જરા રાહત થઈ પછી નીકળી શક્યો. સૉરી બેબી."

"ઓહ!" પ્રિયંકાનો તંગ ચહેરો એકદમ નરમ થઈ ગયો, "ચલ, આપણે ઘરે જઈને મમ્મી પાસે બેસીએ. આમ પણ પાર્ટીમાં બહુ મજા નથી."

"ના, ના, મમ્મી તો ઊંઘી ગઈ છે." એણે પ્રિયંકાના ગાલ થપથપાવ્યા, "હવે આપણે પાર્ટી એન્જોય કરીએ. આમ પણ હું મોડો આવ્યો છું. આઈ મસ્ટ મેકઅપ ફોર ધ લાસ્ટ ટાઇમ. આઈ એમ સૉરી."

"નોટ એટોલ..." પ્રિયંકાએ ખૂબ વહાલથી કહ્યું અને સત્યજિતે લંબાવેલો હાથ પકડી ડાન્સ ફ્લોર પર જતી રહી. ત્યાં ઊભેલા મૃગાંક અને અનિતાની આંખો ઈર્ષ્યામાં લીલી થઈ ગઈ.

પ્રિયંકા અને સત્યજિત કૉલેજનું હોટફેવરિટ કપલ હતાં. કોઈના પણ હોશ ઉડાવી દે એવી પ્રિયંકા ભણવામાં હોશિયાર હતી. બે વર્ષથી યુનિવર્સિટીમાં ટૉપ કરતી હતી. સત્યજિત શહેરના બિઝનેસ ટાઇકુનનો દીકરો હતો. દેખાવડો, સ્માર્ટ અને સ્પૉર્ટ્સમાં અવ્વલ નંબર રહેતો સત્યજિત કૉલેજની લગભગ દરેક છોકરીનો ડ્રીમબૉય હતો. પ્રિયંકા અને સત્યજિત સાથે ઊભાં હોય ત્યારે લગભગ એકબીજાં માટે જ બન્યાં હોય એટલાં બધાં ઓતપ્રોત દેખાતાં. છેલ્લા એક વર્ષથી કૉલેજમાં સૌને ખબર હતી કે ગ્રેજ્યુએશન પૂરું કરીને પ્રિયંકા અને સત્યજિત એકબીજાં સાથે પરણી જશે.

પ્રિયંકાના દાદા સ્વાતંત્ર્યસેનાની હતા. એના પિતા એક અખબારના તંત્રી. સિદ્ધાંતો અને શિક્ષણને ખૂબ મહત્ત્વ આપતા કુટુંબમાં જન્મેલી પ્રિયંકા એક ગંભીર અને સમજદાર છોકરી હતી. જિંદગી વિશે જુદી રીતે વિચારતી. વૃદ્ધાશ્રમ, એઇડ્સના દર્દીઓ માટે કામ કરતી. કૉલેજની સોશિયલ સર્વિસમાં આગળ પડતો ભાગ ભજવતી. જ્યારે સત્યજિત માટે જિંદગી એક રમત હતી. એને હજી સુધી જિંદગી વિશેની કોઈ બાબત ગંભીરતાથી લેવાની જરૂર પડી જ નહોતી. એ દરેક વખતે કોઈ પણ ગંભીર બાબતને ટાળી જતો. સમયસર ન પહોંચવું, સોંપાયેલું કામ ન કરવું, કોઈ પણ વાતને મજાકમાં ઉડાવી દેવી - એની ફિતરત હતી. ખરેખર તો આ બે જણાં એકબીજાંથી એટલા વિરુદ્ધ સ્વભાવનાં હતાં કે કૉલેજમાં સૌને લાગતું હતું કે આ સંબંધ લાંબું નહીં ખેંચે!

પરંતુ સૌની માન્યતા વિરુદ્ધ આ સંબંધ એક વર્ષથી લાંબો ચાલ્યો હતો. એટલું જ નહીં, એક ગંભીર વચનમાં પરિણમ્યો હતો અને થોડાક વખતમાં જીવનભરનો સાથ બનવાનો હતો.

પાર્ટી પૂરી થઈ અને સત્યજિત પ્રિયંકાને ગાડીમાં મૂકવા એના ઘર સુધી આવ્યો. પ્રિયંકાના બિલ્ડિંગ નીચે ગાડી ઊભી રહી કે સત્યજિતે હંમેશની જેમ એની આંગળીઓ પ્રિયંકાની ગરદન પર ફેરવીને એની ડોકની પાછળ એના વાળમાં પરોવી. એણે સાવ હળવા ઝટકાથી પ્રિયંકાને પોતાની નજીક ખેંચી. સહેજ વિરોધ સાથે આંખોમાં શરમ છલકાવી પ્રિયંકા નજીક ખેંચાઈ આવી. સત્યજિતે એના હોઠ પર હોઠ મૂકી દીધા. એક પ્રગાઢ ચુંબન પછી પ્રિયંકા હળવેથી છૂટી પડી. સત્યજિતના નાક સાથે નાક ઘસી એણે લાડથી 'ગુડનાઇટ' કહ્યું. એ ગાડીનો દરવાજો ખોલીને ઊતરી ગઈ. ગીત ગણગણતી પ્રિયંકા પોતાની બિલ્ડિંગનાં પગથિયાં ચડતી હતી કે એના સેલની રિંગ વાગી.

"હલો અંકલ..." પ્રિયંકાએ સત્યજિતના ઘરનો નંબર જોયો.

"અંકલ નહીં બેટા, આન્ટી બોલું છું." સત્યજિતનાં મમ્મી સોનાલીબહેન હતાં. "સત્યએ સેલ બંધ કર્યો છે. મને જરા ચિંતા થઈ એટલે મેં ફોન કર્યો. તું ઘરે પહોંચી બેટા?"

"હા આન્ટી, મને ઉતારીને એ હમણાં જ નીકળ્યો છે. ઘરે પહોંચતો જ હશે." પછી એણે લાગણીથી પૂછ્યું, "હવે કેમ છે તમારી તબિયત?"

"મારી તબિયત?" સોનાલીબહેન ખડખડાટ હસ્યાં, "મને શું થયું છે?"

"કેમ? તમારી તબિયત ખરાબ હતી ને? ઘરે ડૉક્ટર બોલાવવા પડ્યા... એટલે તો સત્યજિતને પાર્ટીમાં આવતાં મોડું થયું." પ્રિયંકાએ કહ્યું તો ખરું, પણ એના હૃદયના ધબકારા વધી ગયા. સત્યજિત ફરી એક વાર જુઠ્ઠું તો નહીં બોલ્યો હોય ને? એ વિચારે એનું મન એકદમ ખિન્ન થઈ ગયું.

"બેટા, તું તો ઓળખે છે સત્યને... કોઈ કારણ વગર જુઠ્ઠું બોલે છે એ છોકરો. કેટલું સમજાવ્યો, પણ સમજતો જ નથી. મેં એને કહ્યુંયે ખરું કે પાર્ટીમાં પ્રિયા રાહ જોતી હશે પણ કોણ જાણે કમ્પ્યૂટર પર શું કરતો હતો... એ નીકળ્યો જ મોડો! કોણ જાણે શું મજા પડે છે એને નાની નાની વાતમાં જુઠ્ઠું બોલીને." એ પછી સોનાલીબહેન પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યાં હતાં પણ પ્રિયંકાના કાને હવે કશું જ પડતું નહોતું. હજી ગઈ કાલે જ સત્યજિતે એનો હાથ પોતાના હાથમાં લઈને એને વચન આપ્યું હતું કે એ ક્યારેય જુઠ્ઠું નહીં બોલે. સાવ નાનકડી - સામાન્ય વાતમાં પણ નહીં. આજે ફરી એ કોઈ કારણ વગર જુઠ્ઠું બોલ્યો હતો.

પ્રિયંકાને લાગ્યું કે જાણે કોઈકે એનું હૃદય એના શરીરમાંથી બહાર કાઢીને

જોરથી નિચોવી નાખ્યું હતું. એને શ્વાસ લેવામાં તકલીફ પડવા માંડી. આંખોમાં પાણી આવી ગયાં, એને ડૂમો ભરાઈ ગયો, "હું તમને પછી ફોન કરીશ આન્ટી." એણે કહ્યું. ફોન મૂકી દીધો. મનોમન નક્કી કર્યું કે હવે સત્યજિત સાથે ક્યારેય વાત નહીં કરે. આટલું બધું સમજાવ્યા છતાં એની જુઠ્ઠાણાંની ટેવ નહીં છૂટે તો આ છોકરા સાથે જીવવું અસંભવ છે એવું એને સમજાવા લાગ્યું હતું.

એણે બીજા દિવસે આ વિશે સત્યજિત સાથે ચોખ્ખેચોખ્ખી વાત કરી લેવાનું નક્કી કરી લીધું. આંખમાં છલકાઈ આવેલાં પાણી લૂછી નાખ્યાં. એ સડસડાટ પગથિયાં ચડીને પોતાની પાસે રહેતી ચાવીથી દરવાજો ખોલી, ઘરમાં દાખલ થઈને પોતાના પલંગમાં પટકાઈ.

છેલ્લા એક વર્ષમાં નાની નાની વાતોમાં સત્યજિતે કહેલાં જુઠ્ઠાણાં રહી રહીને એની નજર સામે આવતાં રહ્યાં. એણે છેલ્લા છ મહિનામાં જે રીતે દરેક વખતે એની સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો હતો એ પણ એને યાદ આવ્યું. કોણ જાણે કેમ, અત્યાર સુધી એને એક શ્રદ્ધા હતી કે સત્યજિત બદલાશે. આજના પ્રસંગ પછી એનું મન તૂટી ગયું. આ ક્ષણે એને એવું લાગ્યું કે હવે કદાચ સત્યજિત ક્યારેય નહીં બદલાય. બીજે દિવસે આ સંબંધ પૂરો કરી નાખવાનો નિર્ણય વધુ ને વધુ દૃઢ થતો રહ્યો.

■

**પ્રિયંકા** ઘરમાં દાખલ થઈ, એક પણ શબ્દ બોલ્યા વિના પોતાના રૂમમાં જતી રહી. એના દાદાજીએ એ જોયું. છોંતેર વર્ષની ઉંમરે આમેય એમને ઊંઘ ઓછી આવતી. એમાંય પ્રિયંકા જ્યારે બહાર હોય ત્યારે એ ઘેર પાછી ન પહોંચે ત્યાં સુધી મહાદેવભાઈ તંદ્રામાં જ રહેતા.

મહાદેવભાઈ જૂના સ્વાતંત્ર્યસેનાની હતા. આજે પણ ખાદી પહેરતા. જિંદગી વિશેના એમના સિદ્ધાંતો સ્પષ્ટ અને દૃઢ હતા. પ્રિયંકાનાં લગભગ બધાં જ મિત્રો સાથે મહાદેવભાઈને મજા પડતી. પ્રિયંકાનાં મિત્રો પણ 'દાદાજીને મળવા' ઘેર આવતાં. પ્રિયંકાની જિંદગીની સાવ સાદી સામાન્ય ઘટનાથી શરૂ કરીને સત્યજિત સાથે પ્રેમમાં પડવા સુધીની બધી જ વાતો એ દાદાજી સાથે 'શેર' કરતી.

એને તકલીફ થઈ હોય, ગુસ્સો આવ્યો હોય, સારું લાગ્યું હોય કે બધાએ મળીને કંઈ ગરબડ કરી હોય, પ્રિયંકા દાદાજીને બધું જ કહેતી. પાર્ટીમાંથી આવે કે કૉલેજમાંથી, પોતાના રૂમમાં જતાં પહેલાં દાદાજીના રૂમમાં જવાનું એ નક્કી હતું.

પણ આજે એ સીધી પોતાના રૂમમાં જતી રહી, એટલું જ નહીં પલંગમાં પટકાવાનો અવાજ પણ મહાદેવભાઈને અજુગતો લાગ્યો. છોંતેરની ઉંમરે પણ ટટ્ટાર ચાલતા મહાદેવભાઈ ધીમે રહીને પોતાના પલંગમાંથી ઊઠ્યા. પૅસેજની લાઇટ કરી. એમણે હળવેથી પ્રિયંકાની રૂમના આડા કરેલા દરવાજા પર ટકોરા માર્યા. કોઈ જવાબ ન મળ્યો એટલે દાદાજી બારણું ધકેલીને અંદર દાખલ થયા. પ્રિયંકા હાથને કોણીમાંથી વાળીને એનાથી બનતા ત્રિકોણમાં મોઢું છુપાવી પલંગમાં ઊંધી પડી હતી. દાદાજી ધીમેથી પાંગતે બેઠા. એમણે હળવે હાથે પ્રિયંકાના વાળમાં હાથ ફેરવ્યો, "શું થયું છે મારી ઢીંગલીને?" પ્રિયંકાએ જવાબ આપ્યા વિના ડોકું ધુણાવ્યું, "કંઈક તો થયું છે. બાકી તું મને મળ્યા વિના તારા રૂમમાં કેમ આવે? ઝઘડો થયો સત્યજિત સાથે?" પ્રિયંકાએ ચહેરો ઊંચો કરીને દાદાજી સામે જોયું. એની આંખો ભીની હતી.

"બેટા..."

"દાદાજી, કેટલી વાર સમજાવ્યો એને, પણ જુઠ્ઠું બોલવાનું છોડતો નથી."

"બેટા, એ મજાક કરે છે. એને મન આ એક રમત છે. તું શું કામ નાની નાની વાતને..."

"દાદાજી, જે લોકો જિંદગીની નાની નાની વાતોમાં જુઠ્ઠું બોલી શકે છે એના પર જિંદગીની મોટી વાતમાં વિશ્વાસ કેમ થાય?" પ્રિયંકાની મોટી કથ્થાઈ આંખોમાં અજબ જેવી સચ્ચાઈ હતી, "આવું મને તમે જ શીખવ્યું છે."

મહાદેવભાઈ પાસે જવાબ નહોતો. એમણે જ પ્રિયંકાને સત્યના, નીતિના, સદાચાર અને વિશ્વાસના પાઠ ભણાવ્યા હતા. આજે પ્રિયંકા જે કંઈ કહી રહી હતી એ વાતની એમને ખબર હતી. સાચું પૂછો તો ક્યારેક એમને પણ સત્યજિતની આ ટેવ વિશે ચિંતા થતી. તદ્દન વગર કારણે જુઠ્ઠું બોલતો આ છોકરો એમને મન પણ એક કોયડો હતો.

એક વાર મહાદેવભાઈએ પણ એકાંતમાં સત્યજિત સાથે વાત કરી હતી. સત્યજિતે એમને ફરી ક્યારેય જુઠ્ઠું નહીં બોલવાની ખાતરી આપી હતી, પણ થોડાક જ દિવસમાં ફરી એક વાર પ્રિયંકા ગુસ્સામાં ઘેર પાછી ફરી હતી. કારણ એ જ! છેલ્લા ઘણા સમયથી બંને વચ્ચે આ સંઘર્ષ ચાલતો હતો. ધીરે ધીરે પ્રિયંકાની ધીરજ ખૂટવા લાગી હતી. એ વાત મહાદેવભાઈની અનુભવી નજર જોઈ શકતી હતી.

સત્યજિતના બધા જ મિત્રો એની આ ટેવ વિશે જાણતા. એટલું જ નહીં, એમણે ઓછા-વધતા અંશે આ ટેવને સ્વીકારી પણ લીધી હતી. બાકી બધી રીતે સારો, સમજદાર, સંવેદનશીલ, દોસ્તો માટે ઘસાઈ છૂટનારો પ્રેમાળ સત્યજિત આ એક જ કારણસર હવે એકલો પડવા લાગ્યો હતો. એના બાળપણના મિત્રો એને અવોઇડ કરવા લાગ્યા હતા.

■

પ્રિયંકાએ પોતાની કથ્થાઈ આંખો દાદાજી પર સ્થિર કરી ત્યારે મહાદેવભાઈને ખ્યાલ આવ્યો કે પ્રિયંકા સારું એવું રડી છે, "દીકરા, એ આવો જ છે. કાં તો સ્વીકારી લે અથવા પ્રયત્ન કરતી રહે, કદાચ બદલાશે."

"દાદાજી, એ બદલાશે એવી આશાએ તો મેં એક આખું વર્ષ ખેંચી કાઢ્યું. તમે તો જાણો છો, શરૂઆતમાં મને હંમેશાં એવું લાગતું હતું કે મારી અને સત્યજિતની દોસ્તી પણ ન હોઈ શકે... આજે હું એને પ્રેમ કરું છું."

મહાદેવભાઈના ચહેરા પર સ્મિતને કારણે કરચલી પડી. આંખોમાં પ્રિયંકા માટેનો સ્નેહ છલકાઈ ઊઠ્યો, "જો પ્રિયંકા, દરેક માણસને પોતાની જિંદગી હોય છે. પોતાના સિદ્ધાંતો અને પોતાની માન્યતા. એને આ જુઠ્ઠાણું... કદાચ જૂઠ લાગતું જ નથી."

"દાદાજી, એને શું લાગે છે એ અગત્યનું નથી. મારે એની સાથે આખી જિંદગી જીવવાની છે. દરેક નાની બાબતમાં જો મારે એવું વિચારવું પડે કે એની વાત સાચી હશે કે નહીં, તો હું આખી જિંદગી એના વિશ્વાસે કઈ રીતે કાઢીશ?"

"બેટા, તું આ વાતને કારણ વગર મોટી કરીને જોઈ રહી છે."

"મોટી? મોટી નથી કરતી દાદાજી, હું આ વાતને જેવી અને જે છે એ રીતે જોઉં છું. કદાચ એટલે જ મને લાગે છે કે..." એની આંખમાં ફરી એક વાર પાણી ઊભરાયાં. આ વાક્ય બોલતાં એને તકલીફ પડી, પણ એણે કહી નાખ્યું, "આ સંબંધ નહીં ટકે."

"જો બેટા, હું કોઈ ફિલૉસૉફી નથી સમજાવતો. આપણા ઘરમાં બધાને સ્વતંત્રતા આપવામાં આવી છે. બધા પોતાની મરજીથી જીવે છે. તને પણ તારી રીતે વિચારવાની, જીવવાની સ્વતંત્રતા મળી જ છે. પણ તને એક વાત કહું? બરફ અને પાણી, બંને પોતાની જગ્યાએ સાચાં છે. તને જે બરફ લાગે છે એ એને માટે પાણી છે."

"દાદાજી, આ બધી બુદ્ધિપૂર્વકની દલીલો છે. હું જાણું છું, તમે એને બહુ ચાહો છો."

"તારાથી વધારે નહીં." મહાદેવભાઈના ચહેરા પર હજી પણ સ્મિત હતું, "તું સત્ય શેને માને છે? તારા આગ્રહો અને હઠાગ્રહોની બહાર છે એ છોકરો. તું જેને અસત્ય માને છે અથવા છેતરપિંડી - જુઠ્ઠાણું - વિશ્વાસઘાતનાં નામો આપે છે એ બધું એને માટે સ્વબચાવની એક હલકી-ફૂલકી રમત છે."

"આટલી નાની વાતમાં આટલી આસાનીથી જુઠ્ઠું બોલે છે એટલે એની સાથેનો સંબંધ બાંધતાં પહેલાં જિંદગીભર છેતરાવાની તૈયારી રાખવાની... એટલું તો ખરું જ ને?"

"જો બેટા, દરેક વખતે મુઠ્ઠીભર પ્રસંગો પરથી માણસના ચારિત્ર્ય વિશે નિર્ણય ન કરવો જોઈએ." પ્રિયંકા દલીલ કરવા જતી હતી, પરંતુ મહાદેવભાઈએ એને વચ્ચે જ અટકાવી, "આવું હું માનું છું."

"દાદાજી, એવો તે કયો મોટો ગુનો થઈ ગયો હતો... એ મોડો આવ્યો... એમાં

મમ્મીની તબિયતનું બહાનું કાઢીને સિમ્પથી ઊભી કરવાની શી જરૂર? વાઘ આવ્યો રે વાઘ આવ્યોની વાર્તા તમે જ મને કહી છે. એક દિવસ એવો આવશે કે હું એની સાચી વાત પર પણ વિશ્વાસ નહીં કરી શકું... ત્યારે શું થશે?"

"એ સાચું બોલશે તો તારા પ્રશ્નો પૂરા થઈ જશે? એ જેટલું સાચું બોલશે એટલું સાંભળી શકીશ? સ્વીકારી શકીશ તું?"

"દાદાજી!" પ્રિયંકાના અવાજમાં આશ્ચર્ય હતું, "આ તમે કહો છો? મેં હંમેશાં સત્યને જેવું છે તેવું સ્વીકાર્યું છે. કડવામાં કડવું સત્ય પણ..."

"સત્યો હંમેશાં કડવાં જ હોય એવું જરૂરી નથી. આપણે બધા કોઈ કારણ વગર સત્યને બહુ મોટું ગંભીર સ્વરૂપ આપી દઈએ છીએ. સત્ય કહેતી વખતે જાણે કોઈ મોટો બોજ ઉપાડતા હોઈએ એમ કે પછી એવરેસ્ટ સર કરતા હોઈએ એમ વરતીએ છીએ. બેટા, સત્ય તો છે જ, હોવું જ જોઈએ, પણ આગ્રહ રાખવાથી કે ફરજ પાડવાથી સત્ય નહીં મળે તને."

"નવાઈની વાત તો એ છે કે એનું નામ સત્યજિત છે..." પ્રિયંકાની આંખોમાં પાણી આવી ગયાં, "તમે જે માણસને આટલો બધો પ્રેમ કરતા હો એને તમારી લાગણીની સહેજ પણ કિંમત ન હોય?"

"પહેલાં તો લાગણીની કિંમત નહીં, મૂલ્ય હોય... અને એના સાચા-ખોટા બોલવાથી તું એની તારા પ્રત્યેની લાગણીને ન તોલી શકે." મહાદેવભાઈએ એના માથે હાથ ફેરવ્યો, "લાગણી માપવાની નહીં, પામવાની ચીજ છે."

"દાદાજી, સો વાતની એક વાત, એ સાચું નહીં બોલે તો હું મારી જિંદગી એની સાથે કઈ રીતે જીવીશ?"

પ્રિયંકા હજી આગળ કંઈક કહેવા માગતી હતી, પણ મહાદેવભાઈએ એને વચ્ચેથી જ અટકાવી દીધી, "હું સમજું છું કે માત્ર સાચું બોલવું એટલે સત્ય નહીં, સત્ય આપણી જીવનશૈલીનો, પર્સનાલિટીનો ભાગ હોવું જોઈએ. હંમેશાં સારા અને ખરાબની વચ્ચે, સરળ અને અઘરાની વચ્ચે પસંદગી કરવાની હોય છે. જે સરળ હોય છે તે હંમેશાં ખરાબ નથી હોતું, પણ બેટા, એ જુઠ્ઠું બોલે છે, કારણ કે..."

"કારણ કે એની પાસે સાચું બોલવાની તાકાત નથી. એ ઘેર બેસીને કમ્પ્યૂટર રમતો હતો. કોઈ કારણ વગર મોડો આવ્યો. એવું કહ્યું હોત તો?"

"તો! તો તું ગુસ્સે ના થઈ હોત?" પ્રિયંકા આશ્ચર્યથી દાદાજી સામે જોઈ રહી, "બેટા, સત્ય સાંભળવાનો આગ્રહ રાખતાં પહેલાં સત્ય સ્વીકારવાની તૈયારી કેળવવી

જોઈએ.” દાદાજીની વાત સાંભળીને પ્રિયંકાને એક ઝટકો લાગ્યો.

એ સમજતી હતી કે મહાદેવભાઈની વાત ખોટી નહોતી. સત્યજિતના પિતા ખૂબ કડક, શિસ્તના હઠાગ્રહી હતા. એમની સામે દલીલને કોઈ અવકાશ જ નહોતો. એ જે કહે છે અથવા માને છે એ સિવાયનું સત્ય જગતમાં છે જ નહીં એમ માનીને જીવતા રહ્યા હતા. રવીન્દ્ર પારેખ પોતાની જાતને ‘સેલ્ફ મૅન મેઇડ’ તરીકે ઓળખાવતા. પોતે કઈ રીતે મહેનત કરીને આગળ આવ્યા, કેટલી કરકસર કરી, કેટલો સંઘર્ષ કર્યો અને કેટલી તકલીફ વેઠી એની કથા કહેવામાં એમને અજબ જેવો આત્મસંતોષ મળતો.

કરોડપતિ હોવા છતાં એ જેટલી વાર સત્યજિતને પૈસા આપતા, સગવડ આપતા કે એમની દૃષ્ટિએ ‘ફાલતુ ખર્ચા’ માટે પૈસા આપતા ત્યારે પોતે કેટલા દુઃખમાં જીવ્યા છે એ કહેવાનું ચૂકતા નહીં. જેટલી વખત પિતાની સામે ઊભા રહેવું પડતું એટલી વાર સત્યજિતની અંદર એક કંટાળો - એક બોરિયત ઉછાળા મારવા લાગતી. એ બને ત્યાં સુધી પિતાની સામે જવાનું ટાળતો. આ ઉંમરે અને આટલી સફળતા પછી પણ ‘મહામહેનતુ’ રવીન્દ્ર પારેખ સવારે સાડા આઠે ઘરેથી નીકળી જતા. સત્યજિત એમના ગયા પછી જ જાગવાનું અને પોતાના રૂમમાંથી બહાર આવવાનું પસંદ કરતો.

સત્યજિતનાં મમ્મી સોનાલીબહેનની સ્થિતિ બહુ કફોડી થતી. સત્યજિતની બેજવાબદારી, પૈસા ઉડાવવાની ટેવ, આળસ, પ્રમાદીપણા વિશે રવીન્દ્રભાઈ એમને જાતજાતના ટોણા મારતા. રવીન્દ્રભાઈ દૃઢપણે માનતા કે સત્યજિતને બગાડવામાં સોનાલીબહેનના લાડે જ ભાગ ભજવ્યો છે.

પિતાના ગુસ્સા અને સજાથી સત્યજિતને બચાવવા માટે સોનાલીબહેન ક્યારેક નાનકડું જુઠ્ઠું બોલી જતાં. બહુ જ નાની વયથી સત્યજિતને એવું સમજાઈ ગયું હતું કે કોઈ પણ પરિસ્થિતિના પરિણામમાંથી છટકવું હોય તો જુઠ્ઠું બોલવું એ સૌથી સરળ રસ્તો છે. સત્યજિત માટે હવે જુઠ્ઠું બોલવાની સાથે અપરાધ કે ગિલ્ટની કોઈ લાગણી જોડાયેલી નહોતી. સામેના માણસને ખરાબ ન લાગે, એને ગુસ્સો ન આવે, પોતાનું કોઈ વર્તન એને નહીં ગમે એવી ખબર હોય તો એ વર્તન એનાથી છુપાવી શકાય માટે, કોઈ પરિસ્થિતિથી ભાગી છૂટવું હોય ત્યારે... સત્યજિત અત્યંત સ્વાભાવિકતાથી જુઠ્ઠું બોલી શકતો. સામેનો માણસ એના આ વર્તનને જે રીતે મૂલવે તે, ક્યારેક સામેનાને ખબર પડી જાય કે સત્યજિત જુઠ્ઠું બોલ્યો છે તો પણ એ નિઃસંકોચ એવું સ્વીકારી શકતો કે પોતે જે તે પરિસ્થિતિમાં ખોટું બોલ્યો હતો.

ટૂંકમાં, એ કોઈ પણ અણગમતી પરિસ્થિતિ સર્જાતી અટકાવવાના સાધન તરીકે જૂઠને આગળ ધરતાં શીખી ગયો હતો. સમય સાથે યુવાન થતા સત્યજિતે એ નાનાં નાનાં જુઠ્ઠાણાઓને પોતાની જિંદગીનો ભાગ બનાવી દીધો. પરિસ્થિતિ ગંભીર હોય કે નહીં, ખરેખર વાત બહુ મોટી હોય કે નહીં, હવે જુઠ્ઠું બોલી જવું સત્યજિત માટે એટલું તો સહેલું બની ગયું હતું કે ક્યારેક એને પોતાને પણ ખબર નહોતી રહેતી કે એ શા માટે જુઠ્ઠું બોલતો હતો.

■

એણે પ્રિયંકાને પહેલી વાર કૉલેજમાં જોઈ ત્યારે એનું હૃદય ધડકવાનું ચૂકી ગયું હતું. ખભાથી સહેજ નીચે લહેરાતા લાંબા, સીધા, ચમકતા વાળ, કથ્થાઈ આંખો, માપ લઈને મીણમાંથી બનાવ્યો હોય એવો આકર્ષક અને નમણો ચહેરો, બેદાગ ત્વચા અને ચહેરા પર એક અજબ જેવી ખુમારી... સમય સાથે ખબર પડી કે પ્રિયંકા શહેરના સૌથી લોકપ્રિય અખબાર 'અપના ભારત'ના તંત્રીની દીકરી હતી. કૉલેજના ફર્સ્ટ યરથી જ પ્રિયંકાના લેખો કૉલેજના નોટિસ બોર્ડ પર લાગવા માંડ્યા...

લગભગ દરેક છોકરો પ્રિયંકાને પામવાનાં સપનાં જોવા લાગ્યો... જેમાં એક સત્યજિત પણ હતો.

સત્યજિતે મનોમન નક્કી કરી લીધું કે પોતે કોઈ પણ સંજોગોમાં પ્રિયંકા સુધી પહોંચશે, એટલું જ નહીં. એણે પોતાના મિત્રો સાથે શર્ત મારી કે પ્રિયંકાને પોતાની ગાડીમાં બેસાડીને કૉલેજ લઈ આવશે.

■

**દાદાજી** સાથે દલીલ કરી રહેલી પ્રિયંકાને આજે ખરેખર દુઃખ પહોંચ્યું હતું. એ દરેક વખતે સત્યજિતને માફ કરી દેતી. નાની નાની વાતોમાં સત્યજિત જ્યારે પણ જુઠ્ઠું બોલતો ત્યારે પ્રિયંકાનો વિશ્વાસ એક વાર નવેસરથી ડગમગી જતો.

માફી માગીને, લાડ કરીને, વહાલ કરીને સત્યજિત એને મનાવી લેતો. પ્રિયંકાને લાગતું કે સમય સાથે પરિસ્થિતિ બદલાશે. પોતે જે વાતને આટલી ગંભીરતાથી લે છે એ વાત સત્યજિત પણ ગંભીરતાથી લેતો થઈ જશે...

પરંતુ એવું થઈ શકતું નહોતું. દરેક વખતે સત્યજિત એક નવું જુઠ્ઠાણું બોલતો, દરેક વખતે પ્રિયંકાના હૃદય પર એક વધુ ઉઝરડો પડતો. આ વખતે એણે નક્કી કરી લીધું હતું કે એ આ સંબંધને તોડી નાખશે.

એને સત્યજિત સાથેની પહેલી મુલાકાત યાદ આવી ગઈ.

■

જૂઠમાંથી શરૂ થયેલી આ મુલાકાત આગળ વધી એ પહેલાં જ પોતે ચેતી ગઈ હોત તો કેટલું સારું થાત એમ વિચારીને પ્રિયંકાને આજે સાચે જ અફસોસ થઈ રહ્યો હતો.

પોતે કૉલેજમાં આવી ત્યારે પિતાના અખબાર 'અપના ભારત'માં પાર્ટટાઇમ જોબ કરતી. મોર્નિંગ કૉલેજ અટેન્ડ કરીને બપોરે એ ઑફિસ ચાલી જતી.

એણે સત્યજિતને અવારનવાર કૅમ્પસમાં ફરતો, મિત્રો સાથે તોફાન-મસ્તી કરતો જોયો હતો. ઇમ્પૉર્ટેડ ગાડીમાં આવતો સત્યજિત આમ પણ એટલો દેખાવડો હતો કે જેણે એક વાર જોયો હોય એને માટે એનો ચહેરો ભૂલવો અઘરો હતો. છ ફૂટ જેટલો ઊંચો, રેગ્યુલર જિમમાં જવાને કારણે રોમન શિલ્પ જેવું શરીર, પુરુષોના ચહેરા પર ભાગ્યે જ હોય એવી ભાવવાહી અને મોટી આંખો, તદ્દન નિર્દોષ સ્મિત... કોઈ ફિલ્મના હીરો જેવા અદ્યતન ફૅશનેબલ કપડાં...

મોટા ભાગે સીધી લેક્ચરમાં જતી અને લેક્ચરમાંથી નીકળીને ઑફિસ જવાની ઉતાવળમાં રહેતી પ્રિયંકાને ભાગ્યે જ કેમ્પસમાં બેસી રહેવાનો કે રખડવાનો સમય મળતો. એટલે એની કોઈ સાથે ખાસ દોસ્તી નહોતી, પણ એની કવિતાઓ અને લેખો વારંવાર બોર્ડ પર લાગતાં હોવાને કારણે, ડીબેટ, ઇલોક્યુશન, ક્વિઝમાં વારંવાર ઇનામો જીતતી છોકરી તરીકે એને લગભગ બધા જ ઓળખવા લાગ્યા હતા.

પ્રિયંકાને સ્વપ્નેય કલ્પના નહોતી કે આટલો નિર્દોષ દેખાતો છોકરો એની સાથે આવી મજાક કરશે!

પ્રિયંકા રોજ બસમાં કૉલેજ આવતી. એક દિવસ બસસ્ટૉપ પર જઈને બસની રાહ જોતી પ્રિયંકા પાસે જઈને એણે ગાડી ઊભી રાખી, "કૉલેજ જાવ છો?" પ્રિયંકાએ ડોકું હલાવીને હા પાડી, "હું કૉલેજ જ જાઉં છું. તમને વાંધો ન હોય તો..."

"ના, ના, મારી બસ આવતી જ હશે."

"બસ? તમે ન્યૂઝ પેપર નથી વાંચ્યું?"

પ્રિયંકાના ચહેરા પર આશ્ચર્ય આવ્યું. એણે ડોકું ધુણાવ્યું, "ના, કેમ?"

આમ જ અધ્ધરતાલ જ સત્યજિતે ગપ્પું મારી દીધું, "આજે તો બસની હડતાળ છે." રિક્ષા માટે આમતેમ જોતી પ્રિયંકાને સાવ નિર્દોષ અને ભોળા ચહેરે ઑફર આપી, "તમને વાંધો ન હોય તો મારી સાથે આવી શકો છો."

"આર યુ શ્યૉર?" પ્રિયંકાને નવાઈ તો લાગી, પણ બસ આવવાના સમય કરતાં પાંચ મિનિટ ઉપર થઈ ચૂકી હતી. વળી સામાન્ય રીતે દાદાજી આવા કોઈ સમાચાર હોય તો એને કહેતા. આજે એવું કંઈ ઘરમાં કોઈએ કહ્યું નહોતું. એણે ફરી એક વાર બસના આવવાની દિશામાં જોયું.

"કમ ઑન... હું તમારા સારા માટે કહું છું."

સ્વતંત્ર મિજાજની, આત્મવિશ્વાસથી સભર પ્રિયંકા કોઈ સંકોચ વગર કૉલેજ જઈ રહેલા આ છોકરાની ગાડીમાં બેસી ગઈ. સત્યજિતની ગાડી જ્યારે કૉલેજના કંપાઉન્ડમાં દાખલ થઈ ત્યારે ત્યાં ઊભેલું ટોળું હો... હો... હો... પોકારી ઊઠ્યું ત્યારે પ્રિયંકાને ખબર પડી કે સત્યજિતે એને મૂરખ બનાવી હતી.

આ વાતને સિનિયરની મજાક માનીને એણે ગંભીરતાથી ન લીધી, પરંતુ સમય સાથે એને સમજાયું કે જુઠ્ઠું બોલવું એ સત્યજિતને મન મજાક નહોતી, એક જાતની બહાદુરી, એક ટેવ, એક અનિવાર્ય જરૂરિયાત બની ગઈ હતી!

■

અત્યારે દાદાજી સાથે વાત કરતાં એને પોતાને સમજાયું કે સત્યજિત માટે પોતાના ગમા-અણગમા એટલા અગત્યના નહોતા. એને માટે લગ્નનો સંબંધ એક વિશ્વાસનો સંબંધ હતો. પહેલી વાર સત્યજિતે મજાક ઉડાવી ત્યારે એને એટલું ખરાબ નહોતું લાગ્યું, બલકે સત્યજિતની સ્માર્ટનેસ માટે માન થયું હતું. ધાર્યું કરી શકવાની એની આવડત અને પોતાના જેવી છોકરીને પણ એક વાર વાત ગળે ઉતારી દેવાની એની કુનેહ પર સન્માન થયું હતું. ધીમે ધીમે એને સમજાયું કે સત્યજિત પોતાની સ્માર્ટનેસને હથિયાર બનાવીને વાપરતાં શીખી ગયો હતો. હવે જરૂર હોય કે નહીં, એ સાવ સ્વાભાવિક રીતે જુઠ્ઠું બોલી નાખતો. એને જે કરવું હોય તે જ કરતો... પછી સામેના માણસને સાચવી લેવા માટે સહજતાથી ખોટું કહી દેતો. પ્રિયંકા માટે સંબંધનો પાયો જ પ્રામાણિકતાની માટીમાં ઊભો કરવો જરૂરી હતો, જ્યારે એને માટે તો જુઠ્ઠું બોલવું શ્વાસ લેવા જેવું, જીવવા જેવું જ એક કામ હતું. બે જણા જ્યારે સાવ જુદું માનતા હોય ત્યારે સાથે રહેવું લગભગ અસંભવ છે એવું એની બુદ્ધિ એને કહી રહી હતી.

એણે નક્કી કરી લીધું કે કાલે સવારે એ સત્યજિતને ચોખ્ખેચોખ્ખું કહી દેશે. મહાદેવભાઈ એની આંખમાં એનો નિર્ણય જોઈ શક્યા એટલે એમણે આગળ દલીલ કરવાનું ટાળીને માત્ર એક છેલ્લી વાર પ્રિયંકાને સમજાવી જોવાનો પ્રયાસ કરી જોયો, "જો બેટા, જિંદગીનું પોતાનું એક ગણિત હોય છે. સંબંધોના સરવાળા-બાદબાકી સમજવાનું કામ આપણું નથી. સત્ય અને પ્રેમની વચ્ચે પસંદગી કરવાની આવે તો તું શું પસંદ કરીશ એટલું જ તારે નક્કી કરવાનું છે. કેટલાક લોકો પ્રેમ માટે સત્યને કુરબાન કરતા હોય છે, તો કેટલાક સત્ય માટે પ્રેમ છોડી દેવા તૈયાર થઈ જાય છે..."

"પ્રેમ અને સત્ય એકબીજાથી જુદાં નથી દાદાજી; જ્યાં પ્રેમ હોય ત્યાં આપોઆપ સત્ય કહેવાઈ જાય છે. આઈ ટ્રસ્ટ યુ એ આઈ લવ યુની પહેલાં કહેવાતું વાક્ય છે. તમે જેને પ્રેમ કરતા હો એના પર વિશ્વાસ ના હોય એવું બને..." એણે ઊંડો શ્વાસ લીધો, "મારી જ સાથે બન્યું છે, પણ તમને જેના પર વિશ્વાસ હોય એને માટે તમને આપોઆપ પ્રેમ થઈ જાય છે."

"જો બેટા, લાગણીના સંબંધોને લૉજિકના ત્રાજવામાં નથી તોલી શકાતા. મન અને મગજ એક જ દિશામાં, એકસાથે, એક જ ઝડપે પ્રવાસ કરે અને એક જ જગ્યાએ પહોંચે એવું નથી બનતું."

"સાચું. પણ આખી જિંદગી નિભાવવા માટેના નિર્ણયો ફક્ત હૃદયના આધારે

નથી લઈ શકાતા એવું તમે જ શીખવ્યું છે. મગજનું સ્થાન હૃદયની ઉપર એટલા માટે છે કે અંતિમ નિર્ણય કરતી વખતે મગજની હકૂમત હૃદય પર ચાલે."

"જો બેટા, આ બધું તું મને કહે છે કે તારી જાતને સમજાવે છે એ હું નક્કી નથી કરી શકતો." એમણે પ્રિયંકાની આંખોમાં જોયું, "કેટલીક વાતોમાં આપણે ગમે તેટલું અને ગમે તેવું નક્કી કરીએ, પણ ભવિષ્ય પાસે એક બંધ મુઠ્ઠી હોય છે. હથેળીમાં દોરાયેલી હસ્તરેખાઓ આપણે બદલી શકતા નથી. વર્તમાનને ભવિષ્ય બનાવવાની જરૂર નથી બેટા... ભૂતકાળનો બોજ લઈને ભવિષ્ય તરફ જનારાઓ વર્તમાનમાં જ હાંફી જતા હોય છે."

"દાદાજી, દરેક વાતમાં ભવિષ્ય ઉપર આધારિત ન રહેવાય. વર્તમાન ક્યારેક ભૂતકાળ બનશે અને ભવિષ્યને નડશે ત્યારે હું શું કરીશ? મારાં સંતાનો મોટાં થશે ત્યારે એમને શું કહીશ? તારા પપ્પા જુઠ્ઠું બોલે છે એમ ન કહેવાય, એ તો એમની ટેવ છે..."

"તને જેમ યોગ્ય લાગે એમ કર બેટા. આ સંબંધ બાંધવો એ પણ તારો જ નિર્ણય હતો અને તોડી નાખવાનો નિર્ણય કરીશ તો પણ અમે તારો વિરોધ નહીં કરીએ. સ્વતંત્રતા શબ્દનું મહત્ત્વ આ ઘરમાં ૧૯૪૭ની પહેલાં પણ હતું..." મહાદેવભાઈ ઊભા થયા અને ઢીલા પગે પોતાના ઓરડામાં ચાલી ગયા.

પ્રિયંકા થોડી વાર વિચારતી રહી. પછી એણે આંખ મીંચી દીધી. ઊંઘવાનો પ્રયાસ કરવા લાગી. સત્યજિત સાથે સંબંધ તોડી નાખવાના નિર્ણયથી એને એક જાતની રાહત થઈ ગઈ હતી! એને પોતાને આ લાગણીથી નવાઈ લાગી.

"શું આ સંબંધ મારા માટે બોજ બની ગયો હતો?" એણે જાતને જ પૂછ્યું, "કદાચ જેને માટે પ્રેમ નથી એની સાથે આખી જિંદગી જીવી શકાય છે, પણ જેના પર વિશ્વાસ નથી એની સાથે જીવવું અસંભવ બની જતું હશે."

પ્રિયંકા માટે સત્યજિત એક વ્યક્તિ નહોતો. એ આખેઆખું લાગણીઓનું, ભવિષ્યનું, સુખનું બંડલ હતો. એક આખેઆખું એવું પૅકેજ, જેમાંથી કંઈ પણ ઓછું થાય તો પ્રિયંકાને પોસાય એમ નહોતું. એણે એનાં માતાપિતાનો સ્નેહભર્યો સંબંધ જોયો હતો. માતાપિતાની પહેલાં દાદા-દાદીનું સ્નેહભર્યું લગ્ન પણ એની સામે એક આદર્શ તરીકે જોતી રહી હતી પ્રિયંકા... સત્યજિત સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું ત્યારે એના મનમાં લગ્નનું ચિત્ર એ જ હતું, જે એ અત્યાર સુધી જોતી આવી હતી. સત્યજિત સાથેનું લગ્ન એવું આદર્શ લગ્ન પુરવાર નહીં થાય એવી એને સમજ પડવા લાગી ત્યારથી જ એનું મન ધીમે ધીમે ઠંડું પડતું જતું હતું. પરસ્પર

સ્નેહ અને વિશ્વાસ ન હોય તો નહીં જીવી શકાય એ વાત ધીમે ધીમે એના મનમાં દૃઢ થતી જતી હતી.

કોણ જાણે કેમ, પણ આજે પહેલી વાર એની જિંદગીમાં સત્યજિત નહીં હોય તો શું થશે એ વિચારીને એને ડર ન લાગ્યો... ગભરામણ ન થઈ... સત્યજિત વગરની જિંદગીનો વિચાર એને અધૂરી બનાવવાને બદલે વધુ મજબૂત અને શાંત બનાવી રહ્યો હતો એવું એને લાગ્યું. જાતજાતના વિચારો કરતાં કરતાં એની આંખો ક્યારે મીંચાઈ ગઈ એની એને પોતાને પણ ખબર ન પડી.